# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૬ તા.૩૧-૦૫-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- Digital Gujarat Portal આદિજાતિના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૯-૨૦ માટે પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ / ગણવેશ સહાય યોજનના અમલ બાબત.

સંદર્ભ :- જા.નં.આવિ/શિક્ષણ/૨૦૧૯-૨૦/૧૬૬૪ થી ૨૨૬૩ મદદનીશ કમિશનરશ્રી, આદિ જાતિ વિકાસની કચેરીનો તા.૧૪-૦૫-૧૯નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, રાજ્ય સરકાર/ ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી / વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ / સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફરથી ચૂકવી શકાય તે હેતુંથી ચાલુ વર્ષે ડીજિટલ ગુજરાત પોર્ટલમાં જે સામાન્ય સુધારા વધારા કરવામાં આવેલ છે.તેની સમજ આ સાથે સામેલ સંદર્ભિત પત્ર અને તેમા જણાવેલ માર્ગદર્શક સૂચનાઓ પરથી મેળવવાની રહેશે. તો સદરહુ સંદર્ભિત પત્ર અને તેની સાથે સામેલ માર્ગદર્શક સૂચનો તથા પત્રકનો ચિવટપૂર્વક અભ્યાસ કરી ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે. કોઈપણ લાભાર્થી વિદ્યાર્થી શિષ્યવૃત્તિથી વંચિત ન રહે તેની સવિશેષ કાળજી લેવાની રહેશે. જેની નોંધ લેશો.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૩૧-૦૫-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

તાત્કાલિક/સમયમર્યાદા
અનુસુચિત જનજાતિ(ST)

જા.નં.આવિ/શિક્ષણ/૨૦૧૯-૨૦/ ૧૬૬૪ થી ૨૨૬૩
મદદનીશ કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરી,
એ બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી મકાન,
લાલ દરવાજા, અમદાવાદ.
ફો.નં/ફેક્ષ નંબર : (૦૭૯) ૨૫૫૧૦૧૨૬
તા. ૧૪/૦૫/૨૦૧૯

# પરિપત્ર

વિષય:-**Digital Gujarat Portal** આદિજાતિના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૯-૨૦ માટે પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજના અમલ બાબત

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્યસરકાર/ભારતસરકારશ્રીની યોજનાઓ અંતર્ગત આદિજાતિ લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર **(D.B.T.)** થી ચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રી દ્વારા **Digital Gujarat Portal** ડેવલોપ કરવામાં આવેલ છે. છેલ્લા બે વર્ષથી શાળાના આચાર્યશ્રીના સહકારથી ઉક્ત પોર્ટલ મારફત વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો મંગાવી શિષ્યવૃતિ અને ગણવેશ સહાય યોજનાઓની કામગીરી કરવામાં આવેછે.

ડિજિટલ ગુજરાત પોર્ટલમાં હાલ આદિજાતિ વિકાસ વિભાગની આ સાથેના પત્રક-અ મુજબની રાજ્ય સરકાર / ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. અગાઉના વર્ષે જે રીતે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરવામાં આવેલ હતો તે જ રીતે ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં અમલ કરવાનો થાય છે. ચાલુ વર્ષે ડિજિટલ ગુજરાત પોર્ટલમાં જે સામાન્ય સુધારા વધારા કરવામાં આવેલ છે તેની સમજ આ સાથેની માર્ગદર્શક સૂચનાઓના આધારે મેળવવાની રહેશે.વર્ષ:૨૦૧૯-૨૦નુ શૈક્ષણિક વર્ષ શરૂ થનાર હોય તમામ આચાર્યશ્રીઓને સૂચના આપવામાં આવે છે કે વર્ષ ૨૦૧૯-૨૦માં આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની દરખાસ્તો આ સાથેના માસવાર આયોજન પત્રકમાં દર્શાવેલ સૂચનાઓ મુજબ ઓનલાઇન કરવાની રહેશે. વર્ષ ૨૦૧૯-૨૦માં આ સાથેના પત્રક મુજબની યોજના ઓફલાઇન પત્રકોના આધારે મંજૂર કરવામાં આવશે નહિ. જેની તમામ શાળાઓએ નોંધ લેવી.

શાળાઓએ ઉક્ત પોર્ટલમાં ઓનલાઇન એન્ટ્રી/દરખાસ્તો કેવી રીતે કરવી તે અંગેની તાલીમ અગાઉ આપવામાં આવેલ છે. તેમ છત્તાં ડિજિટલ ગુજરાત પોર્ટલમાં થયેલ સામાન્ય સુધારા વધારાના કારણે હવે કાર્યવાહી કેવી રીતે કરવી તે અંગેની માર્ગદર્શક સૂચનાઓ આ સાથે સામેલ છે.

તમામ શાળાઓએ અત્રેના વિભાગ હસ્તકની આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની યોજનાવાર દરખાસ્તો આ સાથેના માસવાર આયોજન પત્રક મુજબ ઓનલાઇન દરખાસ્તો સમયસર મોકલવાની રહેશે. ઓનલાઇન દરખાસ્ત મોકલ્યા બાદ દરેક શાળાઓએ યોજનાવાર દરખાસ્તની નકલ કાઢી પોતાની શાળાના રેકર્ડમાં રાખવાની રહેશે, જરૂર પડ્યે અત્રેની જિલ્લા કચેરીએ સદરહું દરખાસ્તની નકલ રજુ કરવાની રહેશે.

શાળાએ ઓનલાઇન દરખાસ્ત કરવા માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા:

૧. ઓનલાઇન દરખાસ્ત **https://www.digitalgujarat.gov.in** મારફત કરવાની રહેશે.

૨. તમામ શાળાઓને ગત વર્ષમાં શિષ્યવૃતિની કામગીરી માટે ઉક્ત પોર્ટલના **ID/Password** આપવામાં આવેલ છે જેના દ્વારા શિષ્યવૃતિની ઓનલાઇન કામગીરી કરવાની રહેશે. જો કોઇ શાળા પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો તેવી શાળાઓએ **"Forget Password"Option** ના આધારે નવો પાસવર્ડ મેળવી લેવાનો રહેશે. (જો કોઇ શાળા પ્રથમ વખત જ લોગીન કરતા હોય તો તેના માટે શાળાનો **DISE Code** તેઓનો યુઝર આઇ.ડી રહેશે અને **By Default** પાસવર્ડ**Abcd@123** રહેશે જે પ્રથમ વખતના લોગીન માટે રહેશે ત્યારબાદ શાળાએ લોગીન થયેથી પાસવર્ડ બદલવાનો રહેશે.

૩. જે શાળાઓએ આજ દિન સુધી પોર્ટલમાં લોગીન કરેલ ન હોય તે પ્રત્યેક શાળા/સંસ્થાએ દિન-૨માં ડીજિટલ ગુજરાત પોર્ટલમાં પોતાના યુઝર આઇ.ડી./પાસવર્ડથી પ્રથમ વખત લોગીન કરી લેવાનુ રહેશે.

૪. શાળાઓએ પોતાની શાળાના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની નવી એન્ટ્રી/જુની એન્ટ્રીની ખરાઇ આ સાથેના માસવાર આયોજન પત્રક મુજબ પૂર્ણ કરવાની રહેશે. (સીસ્ટમ દ્વારા ગત વર્ષના તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી એક ધોરણ **UP** (પ્રમોટ) કરી વર્ષ ૨૦૧૯-૨૦ માટે ઓટોમેટીક મૂકવામાં આવનાર છે. જેથી શાળા/સંસ્થાઓએ ગત વર્ષના વિદ્યાર્થીઓની એન્ટ્રી ફરી કરવાની રહેતી નથી માત્ર ને માત્ર વિદ્યાર્થીઓની એન્ટ્રીની ખરાઇ કરવાની રહે છે. એટલે કે જો કોઇ વિદ્યાર્થીની માહિતી ગત વર્ષે ક્ષતિ વાળી એન્ટર થઇ ગયેલ હોય તો તેને સુધારી લેવાની રહેશે.જો કોઇ વિદ્યાર્થી શાળા છોડી અન્ય શાળામાં ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીની એન્ટ્રી ફરજિયાત **Delete** કરવાની રહેશે.

૫. વિદ્યાર્થીઓની એન્ટ્રી એક વખત કરવાની હોય વિદ્યાર્થીઓની તમામ મરજીયાત અને ફરજીયાત વિગતો અવશ્ય નાખવામાં આવે તે વધુ હિતાવહ છે, કારણકે આવતા વર્ષે ફરીથી આ વિદ્યાર્થીના ધોરણ સિવાયની માહિતી બદલવાની રહેતી નથી, સિવાય કે વિદ્યાર્થીએ અભ્યાસ છોડી દીધેલ હોય.

૬. તમામ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ નંબર, બેંકનુ નામ, બેંક બ્રાન્ચનુ નામ, **IFSC Code**ની વિગતો આપવી ફરજીયાત છે કારણકે તેના જ આધારે વિદ્યાર્થીઓના ખાતામાં સીધી શિષ્યવૃતિની રકમ જમા કરવાની હોય છે. વિદ્યાર્થીઓની બેંક ખાતાની વિગતો ખોટી આપવામાં આવશે અને શિષ્યવૃતિ અન્યના ખાતામાં જમા થશે તે અંગેની જવાબદારી શાળા/સંસ્થાની રહેશે.

૭. ધોરણ ૯ થી ૧૦માં અભ્યાસ કરતાં તમામ અનુજનજાતિનાં વિદ્યાર્થીઓના આધારકાર્ડની વિગતો આપવાની રહેશે, તમામ એન્ટ્રી કરી લીધા બાદ શાળાએ તમામ વિદ્યાર્થીઓની તમામ વિગત ઓનલાઇન ચેક કરી લેવી જો કોઇ વિગત **Edit** કરવાની જરૂર જણાય તો દરખાસ્ત બનાવ્યા પહેલા જ **Edit** કરી લેવી. ત્યારબાદ જે જાતિના વિદ્યાર્થીઓને જે યોજના લાગુ પડે તે મુજબ શિષ્યવૃતિની ઓનલાઇન દરખાસ્તો **(Proposals)** કરવી અને સબંધિત જિલ્લા કચેરીને ઓનલાઇન સબમીટ કરવી.

૮. જે વિદ્યાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિદ્યાર્થીઓના ખાતા પોસ્ટલ બેંકમાં તાત્કાલિક અસરથી ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે અન્યથા તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિદ્યાર્થીની એંટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે.

૯. જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૨વર્ષ થી ઉપર હોય તેવા વિદ્યાર્થીઓના આધારનંબર સાથે Postal Payment Bank માં "0" ઝીરો બેલેન્સથી તાત્કાલિક બેંક ખાતુ ખોલાવવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

૧૦. જે વિદ્યાર્થીઓની ગત વર્ષે ડિમાન્ડ ડ્રાફ્ટથી શિષ્યવૃતિ આવેલ હતી, તેવા શાળાના તમામ વિદ્યાર્થીઓના જે તે બેંકનો સંપર્ક કરાવી વિદ્યાર્થી/પિતા-વાલીનુ ખાતુ એક્ટીવ રહે, તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે. જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Epayment થયેલ હતા તેવા વિદ્યાર્થીઓના ખાતા પણ ફ્રીઝ/ડોરમેટ/બંધ થઇ ગયેલ નથી તેની પણ ખાતરી કરવા વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી ખાતા એક્ટીવ રહે તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૧૧. નવા વિદ્યાર્થીઓના જો બેંક એકાઉન્ટ ના હોય તો તેના પિતા/વાલીના બેંક ખાતા મેળવીને Student Entry પૂર્ણ કરવી. એક પિતા/વાલીનુ બેંક એકાઉન્ટ વધુમાં વધુ ૩ વિદ્યાર્થીઓની એન્ટ્રીમાં નાખી શકાશે. સૌ પ્રથમ તો જે તે વિદ્યાર્થીઓના બેંક ખાતા ખોલાવી Student Entry કરવાની રહેશે. જો તમામ પ્રયત્નો પછી જો કોઇ વિદ્યાર્થીનુ બેંક ખાતુ ખોલાવી શકાય તેમ ન હોય તો જ પિતા-વાલીના બેંક ખાતાની વિગત Student Entry કરતી વખતે નાખવાની રહેશે.

૧૨. <u>ચાલુ વર્ષે ધો:૧ થી ધો:૮ના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની ગણવેશ સહાયની પ્રપોઝલ શિષ્યવૃતિની પ્રપોઝલ સાથે જ તૈયાર થઇ જતી હોય, ગણવેશ સહાયની પ્રપોઝલ ફરી બનાવવાની રહેતી નથી જેની નોંધ તમામ આચાર્યશ્રીઓએ લેવા વિનંતી છે.</u>

૧૩. જો અમુક શાળાઓમાં ધો: ૧ થી ૪, ધો:૫ થી ૮, ધો:૯ થી ૧૦, ધો:૧૧-૧૨ વિગેરે જો અલગ અલગ ચાલતા હોય અને તમામના ડાયસકોડ પણ અલગ અલગ હોય તો તેઓએ જિલ્લાની સર્વ શિક્ષા અભિયાનની **(SSA)** કચેરીનો તાત્કાલિક સંપર્ક કરી તેઓની **"School Category"** સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલ પર અપડેશન કરાવી લેવાનુ રહેશે. સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલ પર **"School Category"** અપડેશન થયા બાદ જ ડિજિટલ ગુજરાત પોર્ટલમાં કોઇ સુધારા વધારા થઇ શકતા હોય ઉક્ત કામગીરી સંબધિત આચાર્યશ્રીએ તાત્કાલિક કરવાની રહેશે.

૧૪. જો કોઇ શાળા વિદ્યાર્થીની એન્ટ્રી કરતા હોય અને **"No Data Found From SSA Server"**એવી એરર આવે તો આવા સમયે પ્રથમ આવા વિદ્યાર્થીની એન્ટ્રી સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલ **(SSA)** પર કરવાની રહેશે. **SSA** દ્વારા વિદ્યાર્થીને અપાયેલ આધાર ડાયસકોડ એન્ટ્રી મેળવ્યા બાદ જ આવા વિદ્યાર્થીઓની એન્ટ્રી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર થઇ શકશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે.

૧૫. **NIC** દ્વારા વર્ષ:૨૦૧૮-૧૯માં અભ્યાસ કરેલ વિદ્યાર્થીનું એક ધોરણ પ્રમોટ કરીને વર્ષ:૨૦૧૯-૨૦માં મૂકેલ છે. ગતા વર્ષે ૨૦૧૮-૧૯માં જો વિદ્યાર્થી ધો:૮માં હોય તો આ વર્ષ ૨૦૧૯-૨૦માં ધો:૯માં આવશે<u>. આપની પ્રાથમિક શાળાં ધોરણ: ૧થી૮ ની હોવાથી ધોરણ;૯ નો વિદ્યાર્થીઓના ડેટા ડીલીટ મારવા. તેવી જ રીતે આપની શાળા ધોરણ ૧ થી ૫ ની હોય તો વર્ષ:૨૦૧૮-૧૯નાં ધોરણ ૫નો વિદ્યાર્થી વર્ષ:૨૦૧૯-૨૦માં ધોરણ: ૬માં દેખાય તો આપની શાળામાં ધોરણ ૫ સુધી જ અભ્યાસક્રમ હોવાથી તેવા વિદ્યાર્થીઓને ડીલીટ મારવા.</u>

૧૬. કેટલીક બેંકોનું બીજી બેંકોમાં મર્જ થયેલ છે. જેમ કે સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયામાં સ્ટેટ બેંક ઓફ પટીયાલા, સ્ટેટ બેંક ઓફ મૈસુર, સ્ટેટ બેંક ઓફ ત્રાવણકોટ, સ્ટેટ બેંક ઓફ બીકાનેર એવી જ રીતે બેંક ઓફ બરોડામાં દેના બેંક અને વિજયાબેંક મર્જ થયેલ છે. દેના ગુજરાત ગ્રામીણ બેંક બરોડા ગુજરાત બેંકમાં મર્જ થયેલ છે. આ બેંકની શાખાનો સંપર્ક સાધીને જરૂર જણાય તે મુજબ વિદ્યાર્થી/ વાલીનાં બેંક એકાઉન્ટમાં ફેરફાર કરવાનો રહેશે.

૧૭. ચાલુ વર્ષે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ આપના તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને પણ મોનીટરીંગ માટે ડિજિટલ ગુજરાત પોર્ટલમાં **User ID / Password** આપવામાં આવશે. જેથી સમય મર્યાદામાં ચોકસાઇથી વિદ્યાર્થીની એન્ટ્રી, બેન્ક એકાઉન્ટની વિગતો તેમજ જે તે ખાતાની યોજનાઓ મુજબની ઓનલાઇન દરખાસ્તો કાળજી પૂર્વક અને સમયસર કરવાની રહેશે.

૧૮. ધોરણ ૯,અને ૧૦માં મા-બાપ/વાલીની ૨.૦૦ લાખ સુધીની આવક ધરાવતા વિદ્યાર્થીઓ માટે આવકનો દાખલો (આવકનો દાખલો ત્રણ વર્ષ સુધી માન્ય છે) સક્ષમ અધિકારશ્રીનો અને આદિજાતિનો જાતિનો દાખલો જોડવાનો તથા અપલોડ કરવાનો રહેશે. જેની નકલ શાખાની મૂળ દરખાસ્તે રાખવી.

૧૯. વર્ષ:૨૦૧૯-૨૦ થી રાજ્યમાં રીઝર્વબેંક ઓફ ઇન્ડીયાનાં ઇ-કુબેર પોર્ટલ દ્વારા શિષ્યવૃત્તિની રકમ તેઓના ખાતામાં જમા કરાવવામાં આવશે આવા સંજોગોમાં જે વિદ્યાર્થીનાં એકાઉન્ટ બંધ/ડોરમેટ થઇ ગયેલ વિદ્યાર્થી માટે તેનો ડેટા પોર્ટલ પરથી પરત આવતા એકાઉન્ટને ફરીથી ચાલુ કરાવવાનું રહેશે.

૨૦. <u>ડીજિટલ ગુજરાત પોર્ટલના પ્રશ્નો અન્વયે જરૂર જણાયે ડીજિટલ ગુજરાત પોર્ટલના હેલ્પ ડેસ્ક નં **18002335500** પર સંપર્ક કરવાનો રહેશે.</u>

આ કાર્યવાહી ઝડપી અને સમયમર્યાદામાં કરવાની રહેશે.

- સહી -
મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ
અમદાવાદ

<u>બિડાણ :-</u>

૧. અત્રેના ખાતાની ડિજીટલ ગુજરાત પોર્ટલમાં સમાવેશ કરેલ યોજનાઓની વિગત અને શરતો બાબતનું પત્રક – અ
૨. વર્ષ ૨૦૧૯-૨૦ કામગીરીનું " માસવાર આયોજન " અંગેનું પત્રક.
૩. અનુસુચિત જનજાતિઓ તથા અનુસુચિત જનજાતિ પૈકી અતિપછાત જાતિની યાદી.

<u>નકલ રવાના :-</u>

(૧) આચાર્યશ્રી ........................................................
(૨) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ...............................................
(૩) શાસના અધિકારીશ્રી ......................................................

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) માન.કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ સારૂ
(૨) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, (જિ.પ.) અમદાવાદ, ગાંધીનગર, આણંદ, ખેડા
(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (જિ.પ) અમદાવાદ, ગાંધીનગર, આણંદ, ખેડા. આપના તાબા હેઠળની તમામ શાળાનાં આચાર્યશ્રીઓને પરિપત્રમાં જણાવેલ સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવામાં આવે અને જરૂરી સમયમર્યાદામાં કાર્યવાહી કરવા આપની કક્ષાએથી સૂચનાઓ આપવાની ખાસ વિનંતી.
(૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(શહેર/ગ્રામ્ય) અમદાવાદ, ગાંધીનગર, આણંદ, ખેડા આપના તાબા હેઠળની તમામ શાળાનાં આચાર્યશ્રીઓને પરિપત્રમાં જણાવેલ સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવામાં આવે અને જરૂરી સમયમર્યાદામાં કાર્યવાહી કરવા આપની કક્ષાએથી સૂચનાઓ આપવાની ખાસ વિનંતી.

..........................................................................................................................................................

**OIGS** **BOOK-POST**

પ્રતિ,
આચાર્યશ્રી/પ્રીન્સીપાલશ્રી,
.......................................................
.......................................................
.......................................................
.......................................................

રવાના:-
મદદનીશ કમિશ્નર, આદિજાતિ વિકાસની કચેરી, એ બ્લોક, છઠ્ઠોમાળ, બહુમાળી ભવન, લાલદરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧

| Digital Gujarat Portal મારફત Online કરવાની થતી યોજનાઓની વિગત (પત્રક-અ) | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| કમિશ્નરશ્રી , આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર | | | | | | | |
| ક્રમ | યોજનાનુ નામ | જાતિ | ધોરણ | કુમાર કન્યા | શિષ્યવૃતિ દર (વાર્ષિક) | વાર્ષિક આવક મર્યાદા | શાળાઓની વિગતો |
| ૧ | **VKY-153 PreMatric Scholarship For ST Student (Std: 1 to 8)** | ST (અનુસૂચિત જનજાતિ) | ધો.૧ થી ૫ | કુમાર/ કન્યા | રૂ.૫૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી, ખાનગી, અનુદાનીત સરકાર માન્ય તમામ પ્રાથમિક શાળાઓ-આશ્રમશાળાઓ |
| | | | ધો. ૬ થી ૮ | કુમાર | રૂ.૫૦૦/- | | |
| | | | ધો. ૬ થી ૮ | કન્યા | રૂ.૭૫૦/- | | |
| ૨ | **VKY-153 Most Backward Class Scholarship For ST Students (Std: 1 to 8)** | ST(માત્ર અનુસૂચિત જનજાતિ પૈકી અતિપછાત જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | આવક મર્યાદા નથી | સરકારી, ખાનગી, અનુદાનીત સરકાર માન્ય તમામ પ્રાથમિક શાળાઓ- આશ્રમશાળાઓ |
| ૩ | **VKY-159 Uniform Assistance** | ST (અનુસૂચિત જન જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૬૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી, ખાનગી, અનુદાનીત સરકાર માન્ય તમામ પ્રાથમિક શાળાઓ –આશ્રમશાળાઓ |
| ૪ | **VKY-153 Most Backward Class Scholarship For ST Students (Std: 9 to 10)** | ST (માત્ર અનુસૂચિત જનજાતિ પૈકી અતિપછાત જાતિ) | ધો ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૧૦૦૦/- | ૨.૦૦ લાખથી વધુ આવક | સરકાર માન્ય તમામ સરકારી-ખાનગી શાળાઓ / અનુદાનિત માધ્યમિક શાળાઓ- ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ |
| ૫ | **VKY-153 SCHOLARSHIP (9 TO 10)** | ST (અનુસૂચિત જન જાતિ) | ધો ૯ અને ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | ૨.૦૦ લાખથી વધુ આવક | સરકાર માન્ય તમામ સરકારી-ખાનગી શાળાઓ / અનુદાનિત માધ્યમિક શાળાઓ- ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ |
| ૬ | **VKY-2 Umbrell scheme of Pre matric scholarship for 9 & 10 th ST Student** | ST (અનુસૂચિત જન જાતિ) | ધો ૯ અને ૧૦ | કુમાર/ કન્યા | હોસ્ટેલર – ૪૫૦૦ ડેસ્કોલર-૨૨૫૦ | ૨.૦૦ લાખ સુધીની આવક | સરકાર માન્ય તમામ સરકારી, ખાનગી, અનુદાનીત માધ્યમિક શાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ |

## કમિશ્નર, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર

### સરકારી પ્રાથમિક,માધ્યમિક શાળાઓ તેમજ અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ(આશ્રમશાળા) પાસેથી વર્ષ:૨૦૧૯-૨૦ની શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાઓની Online દરખાસ્ત મેળવવા બાબતનુ તેમજ જિલ્લા કચેરીએ કરવાની થતી કામગીરીનું "માસવાર આયોજન"

| અ. | માસ | શાળાઓની કામગીરી | જિલ્લા કચેરીએ કરવાની કામગીરી | NIC દ્વારા થનાર કામગીરી |
|---|---|---|---|---|
| ૧ | એપ્રિલ-૧૯ | ગત વર્ષ ૨૦૧૮-૧૯ની શાળાના લોગીનમાંથી કોઇ પ્રપોઝલ મોકલવાની બાકી હોય તો તે મોકલી આપવી (તા: ૧૬/૦૪/૧૯ થી તા:૩૦/૦૪/૧૯ સુધીમાં) | ૧) વર્ષ ૨૦૧૮-૧૯ની જિલ્લાના લોગીનમાં મળેલ પ્રપોઝલ મંજુર કરવી<br>૨) વર્ષ ૨૦૧૮-૧૯ના કોઇ Paymentના થયા હોય કે ગ્રાન્ટના અભાવે પેન્ડીંગ હોય તેવા બીલો બનાવી ચુકવણં કરવુ. | પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓના ગતવર્ષના વિદ્યાર્થીઓનુ ૧ ધોરણ અપગ્રેડ કરી વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૯-૨૦ માટે પ્રપોઝલ બનાવવા મુકવા. |
| ૨ | મે- જુન-૨૦૧૯ | ૧) વર્ષ ૨૦૧૯-૨૦ માટે NIC દ્વારા ૧ ધોરણ અપગ્રેડ કરેલ (પ્રાથમિક શાળાઓએ ધો:૨થી૮ તથા મા.શાળાઓએ ધો:૧૦) વિદ્યાર્થીઓની એન્ટ્રી તા:૩૧/૦૫/૨૦૧૯ સુધીમાં ચેક કરી જો સુધારા વધારા કરવાની જરૂર જણાય તો તે કરવા જો વિદ્યાર્થીએ શાળા છોડી દીધેલ હોય તો તેની એંટ્રી ડિલીટ કરી પ્રપોઝલ બની શકે તે માટે Online પોર્ટલમાં તૈયાર રાખવી.<br>૨) ધો:૧, ધો:૯ તેમજ બીજા નવા વિદ્યાર્થીઓની એન્ટ્રી તા:૩૦/૦૬/૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવી<br>3) ગત વર્ષે E-payment થયેલા વિદ્યાર્થીઓની જાતિવાર/યોજનાવાર Online પ્રપોઝલો ક્રિએટ કરી તા:૩૦/૦૬/૨૦૧૯ સુધી Higher Authority ને સેન્ડ કરવી. | ૧) શાળાઓને તા:૩૦/૦૪/૨૦૧૯ સુધીમાં મળી જાય તે રીતે પરીપત્ર મોકલી આપવો.<br>૨) વર્ષ ૨૦૧૮-૧૯ના બાકી ચુકવણાની કામગીરી કરવી.<br>3)તા:૧૫/૦૬/૨૦૧૯ થી શાળાઓ તરફથી વર્ષ ૨૦૧૯-૨૦ની પ્રપોઝલો જેમ જેમ ઓનલાઇન મળતી જાય તેમ તેમ નિયમોનુસાર મંજુરીની કામગીરી કરવી.<br>૪) શાળાઓ સાથે સંકલન કરી તા:૩૦/૦૬/૨૦૧૯ સુધીમાં તમામ પ્રપોઝલ મેળવવાની કાર્યવાહી પૂર્ણ કરવી.<br>૫) મંજુર કરેલ પ્રપોઝલના બીલો બનાવી Treasury કચેરીમાં રજુ કરવા | ૧) પ્રપોઝલ તથા બીલોના ટેકનિકલ પ્રશ્નોનું નિરાકરણ તથા Digital Gujarat Portal તથા IFMSના બીલોનુ તા:૩૦/૦૪/૨૦૧૯ સુધીમાં રીકન્સીલેશન કરવુ.<br>૨) જે વિદ્યાર્થીઓનુ ગત વર્ષનુ શિષ્યવૃતિનુ ચુકવણું તેઓના ખાતામાં સીધુ થયેલ હતુ તેઓને પ્રપોઝલ સીધી જ બની જાય તે રીતે પોર્ટલમાં ઇફેક્ટ આપવી.<br>3) જે વિદ્યાર્થીઓની એન્ટ્રી નવી થાય તેઓનું બેંક વેરીફીકેશન કરી પ્રપોઝલ બનવા માટે ઓપન કરાવવા. |
| 3 | જુલાઇ-૨૦૧૯ | વર્ષ ૨૦૧૯-૨૦ના શાળાના બાકી વિદ્યાર્થીઓની એન્ટ્રી કરવી તથા બાકી પ્રપોઝલો ઓનલાઇન સેન્ડ કરવી. | વર્ષ ૨૦૧૯-૨૦ની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાયની પ્રપોઝલ નિયમોનુસાર મંજુર કરી બીલો બનાવી ટ્રેઝરીમાં મોકલવા અંદાજે ૮૦% વિદ્યાર્થીઓની કામગીરી પૂર્ણ કરવા આયોજન કરવુ. | |
| ૪ | ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૯ | વર્ષ ૨૦૧૯-૨૦ના શાળાના બાકી વિદ્યાર્થીઓની એન્ટ્રી કરવી તથા બાકી પ્રપોઝલો ઓનલાઇન સેન્ડ કરવી. | વર્ષ ૨૦૧૮-૧૯ અને વર્ષ ૨૦૧૯-૨૦ની ૧૦૦% પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાયની પ્રપોઝલ નિયમોનુસાર મંજુર કરી બીલો બનાવી ટ્રેઝરીમાં મોકલી આપવા અને તમામ વિદ્યાર્થીઓને ચુકવણું થઇ જાય તે મુજબનું આયોજન કરવુ. | |

## (પત્રક-અ)ની સૂચનાઓ:

- વિદ્યાર્થી મૂળ ગુજરાતના અનુસુચિત જનજાતિનાં હોવા જોઇએ, અન્ય રાજ્યના વિદ્યાર્થીઓએ તેઓના રાજ્યમાંથી શિષ્યવૃતિ યોજનાનો લાભ લેવાનો રહે છે.
- ઉક્ત શિષ્યવૃતિ યોજનાઓ પૈકી વિદ્યાર્થીને જે યોજનામાં વધારે સહાય મળતી હોય તેવી યોજનાઓમાં સમાવવાના રહેશે.
- તમામ વિદ્યાર્થી ગત વર્ષની પરીક્ષામાં નિયમોનુસાર પાસ થયેલ હોવા જોઇએ અને નિયમિત વિદ્યાર્થીઓની જ દરખાસ્ત કરવાની રહેશે.
- અમાન્ય શાળાઓએ શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવી નહી અને તેમ છતાં જો શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવામાં આવશે તો જે તે શાળા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
- સદરહું શિષ્યવૃતિનો લાભ મેળવનાર વિદ્યાર્થીને અન્ય યોજના હેઠળ શિષ્યવૃતિ મળવાપાત્ર નથી.
- ધોરણ: ૯ અને ૧૦માં ૨.૦૦ લાખ સુધીની આવક ધરાવતી યોજના વીકેવાય-૨ માટે આધાર કાર્ડ હોવું ફરજિયાત છે. તથા આવકનો તથા જાતિનો દાખલો સ્કેન કરી પોર્ટલ પર અપલોડ કરવાનો રહેશે.
- ઉક્ત તમામ શરતો માર્ગદર્શન પુરતી છે. આખરી અર્થ ઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે.
- ધો.૧થી ૧૦માં અતિપછાત (Most Backword) હેઠળ જે વિદ્યાર્થીની પેટાજાતિ **હળપતિ**, **તળાવિયા**, **સિદ્દી**, **પઢાર**, **કોલચા**, **કોલઘા**, **કાથોડી**, **કોટવાડીયા** હોય તેજ અતિપછાતમાં સમાવેલ હોય તે મુજબ ચકાસણી કરી દરખાસ્ત કરવાની રહેશે.

## કામગીરીનું “માસવાર આયોજન” ની સૂચનાઓ:

- જે વિદ્યાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિદ્યાર્થીઓના ખાતા પોસ્ટલ બેંકમાં તાત્કાલિક અસરથી ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે અન્યથા તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિદ્યાર્થીની એંટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે.
- જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૨ વર્ષથી ઉપર હોય તેવા વિદ્યાર્થીઓના આધારનંબર સાથે Postal Payment Bank માં “0” ઝીરો બેલેન્સથી તાત્કાલિક બેંક ખાતુ ખોલાવવા અંગેની કાર્યાવાહી કરવાની રહેશે.
- જે વિદ્યાર્થીઓની ગત વર્ષે ડિમાન્ડ ડ્રાફ્ટથી શિષ્યવૃતિ આવેલ હતી તેવા શાળાના તમામ વિદ્યાર્થીઓનાને જે તે બેંકનો સંપર્ક કરાવી વિદ્યાર્થી/પિતા-વાલીનુ ખાતુ એક્ટીવ રહે તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે. જે વિદ્યાર્થીઓના ગત વર્ષે E-payment થયેલ હતા તેવા વિદ્યાર્થીઓના ખાતા પણ ફ્રીઝ/ડોરમેન્ટ/બંધ થઇ ગયેલ નથી તેની પણ ખાતરી કરવા વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી કાર્યવાહી કરી ખાતા એક્ટીવ રહે કરવાની રહેશે.
- નવા વિદ્યાર્થીઓના જો બેંક એકાઉન્ટના હોય તો તેના પિતા/વાલીના બેંક ખાતા મેળવીને Student Entry પૂર્ણ કરવી. એક પિતા/વાલીનુ બેંક એકાઉન્ટ વધુમાં વધુ ૩ વિદ્યાર્થીઓની એંટ્રીમાં નાખી શકાશે. સૌ પ્રથમ તો જે તે વિદ્યાર્થીઓના બેંક ખાતા ખોલાવી Student Entry કરવાની રહેશે. જો તમામ પ્રયત્નો પછી જો કોઇ વિદ્યાર્થીનુ બેંક ખાતુ ખોલાવી શકાય તેમ ન હોય તો જ પિતા-વાલીના બેંક ખાતાની વિગત Student Entry કરતી વખતે નાખવાની રહેશે.

## પરિશિષ્ટ-૧

## અનુસુચિત જનજાતિઓ (આદિવાસી) ની યાદી ભારત સરકારના મિનીસ્ટ્રી ઓફ લો, જસ્ટીસ એન્ડ કંપની એફર્સના ૨૦ મી સપ્ટેમ્બર,૧૯૭૬ ના એક્ટ નં. ૧૦૮ મુજબ

| | |
|---|---|
| ૧ | બરંડા |
| ૨ | બાવચા,બામચા |
| ૩ | ભરવાડ(આલેચ ગીર અને બરડા જંગલના નેસ વિસ્તારમાં ) |
| ૪ | ભીલ, ભીલગરાસીયા, ઢોલી ભીલ, ડુંગરી ભીલ, ડુંગરી ગરાસીયા, મેવાસી ભીલ, રાવળ ભીલ, તડવી ભીલ, ભાગલીયા, ભીલાલા, પવાર, વસાવા, વસાવે |
| ૫ | ચારણ (આલેચ, બરડા અને ગીરના જંગલના નેસ વિસ્તારમાં) |
| ૬ | ચૌધરી (સુરત અને વલસાડ જીલ્લામાં) |
| ૭ | ચૌધરા |
| ૮ | ધાનકા, તડવી, તેતરીયા, વાલવી |
| ૯ * | **ઢોડીયા, ઢોડી** |
| ૧૦ | દુબળા, તલાવીયા, હળપતિ |
| ૧૧ | ગામિત, ગામટા, ગાવિત, માવચી, પડવી |
| ૧૨ | ગોન્ડ, રાજગોન્ડ |
| ૧૩ | કાથોડી, કાતકરી, ઢોર કાથોડી, ઢોર કાતકરી, સોન કાથોડી, સોન કાતકરી |
| ૧૪ | કોકણા કોકણી કુકણા |
| ૧૫* | કોળી (કચ્છ જીલ્લામાં) રદ કરેલ છે. |
| ૧૬ | કોળી ઢોર, ટોકરે કોળી, કોલચા, કોલધા |
| ૧૭ | કુણબી (ડાંગ જીલ્લો) |
| ૧૮ | નાયકડા, નાયકા, ચોલીવાળા નાયકા, કાપડીયા નાયકા, મોટા નાયકા, નાના નાયકા |
| ૧૯ | પઢાર |
| ૨૦* | પારઘી (કચ્છ જીલ્લામાં) રદ કરેલ છે. |
| ૨૧ | પારઘી, અડવીચીચર, ફણસે, પારઘી (અમરેલી, ભાવનગર, જામનગર, જુનાગઢ, કચ્છ, રાજકોટ અને સુરેન્દ્રનગર જીલ્લા સિવાયના) |
| ૨૨ | પટેલીયા |
| ૨૩ | પોમલા |
| ૨૪ | રબારી (આલેચ, બરડા અને ગીરના જંગલના નેસ વિસ્તારમાં) |
| ૨૫ | રાઠવા |
| ૨૬* | સીદી "**સીદી બાદશા** " (અમરેલી, ભાવનગર, જામનગર, જુનાગઢ, રાજકોટ અને સુરેન્દ્રનગર જીલ્લામાં) |
| ૨૭* | વાઘરી (કચ્છ જીલ્લો) રદ કરેલ છે |
| ૨૮ | વારલી(વાર્લી ) |
| ૨૯ | વીટોળીયા, કોટવાળીયા, બરોડીયા |

ગુજરાત સરકાર સામાજીક અધિકારતા(આદિજાતિ વિકાસ) વિભાગના હુકમ ક્રમાંક : અજસ/૨૦૦૩/૨૦/ જીઓઆઇ/૨૩/ચ/સચિવાલય, ગાંધીનગર તા. ૫/૯/૨૦૦૩ થી ગુજરાતની અનુસુચિત જનજાતિઓ બાબતે નીચે મુજબ સુધારા વધારા કરેલ છે.

૯. ઢોડીયા પછી ઢોડી ઉમેરવું.
૧૫. કોળી (કચ્છ જીલ્લામાં )રદ કરવું.
૨૦. પારઘી (કચ્છ જીલ્લામાં ) રદ કરવું.
૨૬. સિદી પછી અને કૌંસ પહેલાં "**સીદી બાદશા** " ઉમેરવું.
૨૭. વાઘરી (કચ્છ જીલ્લામાં ) રદ કરવું.

સ.ફો.લી.પ્રે.અ.(વાય)-૪૪૧(૪/૪)-૧૦૦૦-૨-૨૦૧૫